ક્રમાંક : ટીએનસી/૧૦૯૦/૨૪/સી

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
**તારીખઃ– ૧૭–૮–૨૦૦૨**

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
(સ્ટેટ, પંચાયત, સ્વ.પ્રોજેકટ),
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ,
(સ્ટેટ, પંચાયત, સ્વ.પ્રોજેકટ),

**વિષય :– રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મૂકવા બાબત..**

અનુસંધાન :– ૧.પરિપત્ર ક્રમાંકઃટીએનસી/૧૦૯૦/૨૪/સ, તા.૨૨–૭–૯૮
૨. સરખા ફાઈલ ક્રમાંક : તા.૧૭–૮–૨૦૦૨

માર્ગ અને મકાન વિભાગનાં સંદર્ભ હેઠળના પરિપત્રોથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગત તથા સ્પેશીફીકેશન દર્શાવતું બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચ મુકવાના સુચનો આપવામાં આવેલ છે. સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી, જેની સરકારશ્રીએ ગંભીર નોંધ લીધેલ છે.

આપના કાર્યક્ષેત્રમાં રૂ.૫.૦ લાખથી વધારે અંદાજી કિંમતના ચાલુ કામો ઉપર દિન–૧૦ માં બોર્ડ મુકવા જરૂરી કાર્યવાહી કરવા આથી આજ્ઞાનુસાર સુચના આપવામાં આવે છે. આ સર્વ કામો ઉપર મુકી તેની જાણ સંબંધિત મુખ્ય ઈજનેરશ્રીને અચૂક કરવી.

( ય. મ. ભટ્ટ )
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ

નકલ સવિનય રવાના :–
સંયુકત સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગનાં પત્ર ક્રમાંક– વહસ/૧૦૨/મુમક/૧૮૭૬/વસુતા૫(૨) તા.૧૨–૮–૨૦૦૨ સંદર્ભે મુદ્દા નં.૨ અંગે જાણ સારૂ.

બિડાણ :– પરિપત્રની નકલ

નકલ સવિનય રવાના :–
નાયબ સચિવશ્રી (સંકલન)
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.